**GJVD010052692023**

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩/૦૮/૨૦૨૩ |
| રજીસ્ટર્ડ તારીખ : | ૦૩/૦૮/૨૦૨૩ |
| નિકાલ તારીખ : | ૦૭/૦૮/૨૦૨૩ |
| સમયગાળો | ૦૪–દિવસ |

:: મહે. વડોદરાના ૩ જા એડી.સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,મુ.વડોદરા ::

---

ફોજદારી પરચુરણ અરજ નંબર : ૧૯૩૨/૨૦૨૩.
આંક :

---

<u>અરજદાર :</u>
ક્રિષ્ણાઅપ્પા અન્ની શેટ્ટી
ઉ.વ.૪૩,
ધંધો : વેપાર
રહે.સી–૧૯૧, સયાજી ટાઉનશીપ,
ન્યુ વી.આઈ.પી.રોડ,વડોદરા.

<u>વિ રૂ દ્ધ .</u>
<u>સામાવાળા :–</u>

ધી સ્ટેટ ઓફ ગુજરાત.

બાબત : <u>ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯(૧)(બી) મુજબ જામીન શરતમાં ફેરફાર કરવા બાબત</u>

---

અરજદારતરફે :– વિધ્વાન વકીલશ્રી એસ.કે.પરમાર
સામાવાળા તરફે :– વિધ્વાન એડી.પી.પી.શ્રી પી.સી.પટેલ

:– ઠ રા વ –:

૧). અરજી વંચાણે લીધી.અરજી અન્વયે અરજદાર તરફે વિ.વ.શ્રી. એસ.કે.પરમાર તથા સામાવાળા ધી સ્ટેટ ઓફ ગુજરાત તરફે વિ.એડી.પી.પી.શ્રી પી.સી.પટેલ નાઓ ધ્વારા કરવામાં આવેલ રજુઆતો સાંભળવામાં આવેલ છે.

૨). અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, તેઓ સામે સીટી પોલીસે સીટી પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ.ર.નં.૧૧૧૯૬૦૦૬૨૨૦૩૮૦/૨૦૨૨, થી જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા અધિનિયમની કલમ–૪(૩), ૫(ચ) મુજબનો મુજબનો ગુનો નોંધાયેલ. જે ગુનાન કામે અરજદારની ધરપકડ કરવામાં આવેલ. ત્યારબાદ ગુનાના કામે જામીન થવા માટે અરજદારે નામ. કોર્ટમાં ફો.પ.અ.નં.૨૬૩૨/૨૦૨૨ થી જામીન અરજી ગુજારેલ હતી જે નામ. કોર્ટે કેટલીક શરતોને આધિન જામીન મુકત કરેલ હતા. સદર હુકમની શરત નં. ૩ ના અનુસંધાનમાં પાસપોર્ટ જમા કરાવાની શરત મુકેલ હતી અને કોર્ટની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી તેવો આદેશ આપેલ. જે આધારે અરજદારે નામ. કોર્ટ સમક્ષ પાસપોર્ટ જમા કરાવેલ. અને હાલના અરજદારે નામ. કોર્ટ ધ્વારા ફરમાવેલ તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરેલ છે. હાલમાં અરજદારને ઓમાન મુકામે તેમના બેનને ત્યાં જવાનું હોય જે માટે વિઝાની કાર્યવાહી કરવા તથા વિઝા મળેથી ઓમાન મુકામે દિ–૪૦ ના સમય માટે જવાનું હોય કોર્ટ સમક્ષ જમા કરાવેલ અસલ પાસપોર્ટ પરત મેળવવા તેમજ નામ. કોર્ટની પરવાનગી મેળવી ગુજરાત ભારત દેશની હદ છોડવા માટે હાલની અરજ ગુજારેલ છે.

૩). સદર અરજ અન્વયે સામાવાળા શ્રી સરકારને નોટીસ ઈસ્યુ કરવામાં આવતાં શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી.શ્રી પી.સી.પટેલ હાજર થયેલા છે તેમજ સંબંધિત પોલીસ સ્ટેશન,તરફથી આંક : ૦૪ થી અભિપ્રાય રજુ કરેલ છે અને જણાવેલ છે કે આરોપીએ પાસપોર્ટ મેળવવા સારુ પાસપોર્ટ મેળવવા અરજી કરેલ છે પરંતુ

આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય તેઓને પાસપોર્ટ પરત નહી સોંપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે તે વંચાણે લેવામાં આવેલ છે.

૪). આ કામે અરજદારના વિ.વ.શ્રી.એ અરજી મુજબની રજુઆત કરેલ છે અને જણાવેલ છે કે, હાલમાં અરજદારના બહેન અર્ચના અરૂણ સુથારીયાનાઓ ઓમાન મુકામે વર્ષોથી તેમના પરિવાર સાથે સ્થાયી થયેલ છે. અરજદાર ઉંમરના કારણે તથા તબિયત નાદુરસ્ત રહેતી હોવાના કારણે તથા બાળકોના અભ્યાસ અને વ્યસ્તતાને કારણે ઘણા વર્ષોથી તેઓના પરિવારને મળી શકેલ નથી.જેથી ઓમાન મુકામે બહેનને ત્યાં જવા માંગતા હોય તથા ઓમાનના વિઝાની કાર્યવાહી કરવાની હોય દિન–૪૦ ના સમયગાળા માટે પાસપોર્ટ પરત આપવા તથા ભારત દેશની હદ છોડવાની પરવાની મેળવવા માટે હાલની અરજી ગુજારેલ છે. તપાસ અમલદારશ્રીએ તપાસની કાર્યવાહી પુર્ણ કરી તપાસનો આખરી અહેવાલ નામ. કોર્ટ સમક્ષ આપેલ છે. જે લે.ગ્રે.કેસ નં.૨૩/૨૨ થી નોંધાયેલ છે. સદર કામના અન્ય આરોપીએ નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફો.પ.અ.નં.૧ ૨૯૭૪/૨૦૨૨ થી ફરીયાદ રદ કરવા અરજ ગુજારેલ જેના કામે નામ. ગુજરાત હાઈકોર્ટે કરેલ હુકમથી વચગાળાના હુકમથી મંજુર કરેલ છે. સદર અરજી નામ. ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડીંગ છે અને ટુંક સમયમાં પુર્ણ થાય તેવી શકયાતા રહેતી નથી. જેથી અસલ પાસપોર્ટ પરત આપવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન થવાની શયકતા નથી. હાલમાં અરજદારને ઓમાન મુકામે જવા માટે તેની પૂર્વ તૈયારી સ્વરૂપે ઓમાનના વિઝા કઢાવવાના હોય જેથી અરજદારનો અસલ પાસપોર્ટ નં .એન ૧૫૧૦૫૬૫ નો વિઝા અંગેની કાર્યવાહી કરવા માટે તેમજ વિઝા મળેથી બહેનને મળવા ઓમાન મુકામે જવા માટે પાસપોર્ટ સુપ્રત કરવા તેમજ તેટલા સમય માટે ભારત દેશની હદ છોડવાની પરવાનગી મેળવવા માટે હાલની અરજ ગુજારેલ છે.

(૪.૧)આ કામે અરજદાર/આરોપી તરફે દલીલોના સમર્થનમાં આંક–૦૩ ના લીસ્ટથી પુરાવા રજુ કરેલા છે.

| અનુ.નં. | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૧ | એફ.આઈ.આર.ની નકલ |
| ૨ | ફો.પ.અ.નં.૨૬૩૨/૨૦૨૨ ના હુકમની નકલ |
| ૩ | નામ.ગુજરાત હાઈકોર્ટ સ્પે. ક્રિ.પ.અ.નં.૧૨૯૭૪/૨૦૨૧ ના હુકમની નકલ |
| ૪ | અરજદારના પાસપોર્ટની ઝેરોક્ષ નકલ |

(૪.૧)આ કામે અરજદાર/આરોપી તરફે દલીલોના સમર્થનમાં આંક-૦૫ ના લીસ્ટથી પુરાવા રજુ કરેલા છે.

| અનુ.નં. | દસ્તાવેજની વિગત |
|---|---|
| ૧ | સયાજી ટાઉનશીપમાં આવેલ મકાન નં. સી.૧૯૧ ના પ્રોપર્ટી કાર્ડની નકલ |
| ૨ | શ્રીરામ મદન એપાર્ટમેન્ટના ભોંયતળીયાના ભાગે આવેલ દુકાન નં. ૪ ના ઈન્ડેક્ષની નકલ |
| ૩ | અરજદારના આધારકાર્ડની નકલ |

૫). જયારે વિ.એડી.પી.પી.શ્રી.પી.સી.પટેલે આ કામે પોલીસ અભિપ્રાય રજુ કરી જણાવેલ છે કે અરજદારએ વીઝાની કાર્યવાહી કરવા માટે તથા તેમજ વિઝા મળેથી બહેનને મળવા ઓમાન મુકામે જવા માટે પાસપોર્ટ મેળવવા અરજી કરેલ છે પરંતુ અરજદારએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય તેઓને પાસપોર્ટ પરત નહી સોંપવા સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે અને અરજી મંજુર કરવા પાત્ર થતી ન હોય તે નામંજુર કરવા દલીલ કરેલ છે.

૬). આ કામે બંને પક્ષકારોના વકીલશ્રીઓની રજુઆતોને ધ્યાને લેતાં,આ કામે હાલના અરજદાર વિરુધ્ધ સીટી પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ.ર.નં .૧૧૧૯૬૦૦૬૨૨૦૩૮૦/૨૦૨૨, થી જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા અધિનિયમની કલમ-૪(૩), ૫(ચ) મુજબના ગુનાની ફરીયાદ આધારે જામીન ઉપર

મુકત થવા માટે અરજદારે નામદાર કોર્ટમાં ફો.પ.અ.નં. ૨૬૩૨/૨૦૨૨ થી જામીન અરજી ગુજારેલ હતી જે નામ. કોર્ટે કેટલીક શરતોને આધિન જામીન મુકત કરેલ હતા. સદર હુકમની શરત નં. ૩ ના અનુસંધાનમાં પાસપોર્ટ જમા કરાવાની શરત મુકેલ હતી જે આધારે અરજદારે નામ. કોર્ટ સમક્ષ પાસપોર્ટ જમા કરાવેલ. હાલમાં અરજદાર હાલમાં અરજદારને તેમના બહેનને મળવા માટે ઓમાન માટેના વીઝા મેળવવા માટે વિઝાની પ્રોસેસ કરવાની હોય. તેમજ દિન-૪૦ ના સમયગાળા સુધી ભારત દેશની હદ છોડવા તથા પાસપોર્ટ પરત આપવા માટે પરવાનગી માંગેલ છે. અરજદારે જે હેતુસર પાસપોર્ટની માંગણી કરેલી છે. તે જોતા અરજદારને ઓમાન માટેના વિઝા મેળવવા માટે પ્રોસેસ કરવાની હોય અને તેઓ કાયમી વસવાટ ભારતમાં જ કરતા હોય અને અરજદારે તેઓનો જમા લીધેલ પાસપોર્ટ ફકત ઓમાનના વિઝાની પ્રોસેસના હેતુસર જમા લીધેલ પાસપોર્ટ વિઝાની કાર્યવાહી કરવા મર્યાદિત સમયગાળા માટે જમા લેવામા આવેલ પાસપોર્ટ ચોગ્ય શરતોને આધિન આપવામાં આવે તો ન્યોયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :- <u>હુ ક મ -:</u>

૧). અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨) આ કામના અરજદાર કે જે સીટી પોલીસ સ્ટેશનના ફર્સ્ટ ગુ.ર.નં .૧૧૧૯૬૦૦૬૨૨૦૩૮૦/૨૦૨૨,થી જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ કાયદા અધિનિયમની કલમ-૪(૩),૫(ચ) મુજબના ગુન્હાના કામે અરજદારનો જમા લેવામાં આવેલ પાસપોર્ટ જુનો નં. એન ૧૫૧૦૫૬૫ જે પાસપોર્ટ નાઝર કસ્ટડીમાં જમા છે તે પાસપોર્ટ આ કામના અરજદારને ફકત ઓમાનના વિઝાની કાર્યવાહીના હેતુસર ઉપરોકત નંબરવાળો પાસપોર્ટ નીચેની જણાવેલ મહત્વની શરતોને આધિન માત્ર વચગાળાના તબકકે સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે.

:: શ ર તો ::

૧. અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ રૂ.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર) ડીપોઝીટ કરાવવા. સદર પાસપોર્ટ જમા થયેથી અરજદાર ડીપોઝીટની રકમ પરત મેળવવા હકકદાર રહેશે.

૨. અરજદારને ક્રિમીનલ પરચુરણ અરજ નંબર–૨૬૩૨/૨૦૨૨ માં ફરમાવવામાં આવેલ તમામ શરતોનુ પાલન કરવાનુ રહેશે.

૩. સદર ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી સમયે આરોપીએ બિનચુક અને નિયમીત હાજર રહી ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ઝડપથી પરીપૂર્ણ થાય તેમાં સહકાર આપવો.

૪. અરજદારે વિઝાની પ્રોસેસ કર્યા બાદ વિઝા મેળવેલ હોય તો તે અંગેની જાણ ટ્રાયલ અદાલતમાં તરત જ કરવી અને પોતાના પાસપોર્ટ વિઝાને લગતી કામગીરી પૂર્ણ થયા બાદ તાત્કાલિક ટ્રાયલ અદાલતમાં જમા કરાવવાનો રહેશે.

૫. સદરહું હુકમ અંગેની યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

ઉપરોકત હુકમ આજ તા.૦૭, માહે.:ઓગષ્ટ, સને.:૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭/૦૮/૨૦૨૩ **(માધુરી ધ્રુવકુમાર પાન્ડેય),**

વડોદરા. ૩જા એડીશન્લ સેશન્સ જજ,

વડોદરા.

(Judge Code - GJ01542)

(પી.એમ.બાગુલ)